PARLE **MAHOTSAV**
Organiser - **ADV. PARAG ALAVANI,** President, Vile Parle Cultural Centre
2, Amber Palace, Chittaranjan Road, Vile Parle (East), Mumbai 400 057.
Tel.: 26136513, 26177125 • Website : www.parlemahostav.com

PARLE **MAHOTSAV**

તા. ૨૫-૧૧-૨૦૧૩

# સળંગ ૧૪મા વર્ષે પાર્લે મહોત્સવનું ભવ્ય આયોજન
## ૩૮ પ્રકારની સ્પર્ધામાં ૨૦૦૦ ઈનામો અપાશે

મુંબઈ:સંપૂર્ણ મુંબઈગરાનો ઉત્તમ પ્રતિસાદ મળે છે તે પાર્લે મહોત્સવ ૨૧ ડિસેમ્બરથી ૩૦ ડિસેમ્બર સુધી દસ દિવસ ચલશે. આ વખતે સ્પર્ધાનું આ ૧૪મું વર્ષ છે. વિવિધ સ્પર્ધાનું આયોજન ધરાવતા ૧૪મા પાર્લે મહોત્સવમાં ૩૮ પ્રકારની કળા અને ક્રીડા સ્પર્ધામાં ૪૦૦ પ્રથમ ઈનામ સહિત ૨૦૦૦ ઈનામો પ્રદાન કરાશે. નાના બાળકથી લઈને જ્યેષ્ઠ નાગરિકો સુધી ભાગ લઈ શકે તેવા આ મહોત્સવમાં સૌ મોટી સંખ્યામાં ભાગ લે એવો અનુરોધ મહોત્સવ પ્રમુખ આયોજક એડ. પરાગ અળવણીએ કર્યો છે.

ગત ૧૩ વર્ષમાં પાર્લે મહોત્સવને પાર્લેગરા અને પાર્લે બહારના હજારો લોકોએ ઉત્તમ પ્રતિસાદ આપ્યો હોઈ આશરે આઠ હજાર સ્પર્ધકોને આજ સુધી ઈનામ અપાયાં છે. મહોત્સવમાં ભાગ લેનારા અમુક લાખ સ્પર્ધકોને હમણાં સુધી પ્રશસ્તિપત્રક અપાયા છે. છોકરાઓમાં છૂપા કળાગુણો ઉજાગર થાય તે માટે આ ઉત્તમ મંચ હોઈ અનેક કલાકાર- ખેલાડીઓ આવી સ્પર્ધાને લીધે પોતાની કરિયરનું ક્ષેત્ર આ નિમિત્તે પસંદ કરી શકે છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

૧૪મા પાર્લે મહોત્સવમાં કળા, સાંસ્કૃતિક, મેદાની રમત, ઈનડોર ગેમ્સ તેમ જ વિશિષ્ટ સ્પર્ધા એમ પાંચ વિભાગમાં સ્પર્ધા યોજાશે. સૌથી વધુ સ્પર્ધકોનો સહભાગ ધરાવતી મેરેથોન ૨૨ ડિસેમ્બરના સવારે ૭ વાગ્યે યોજાશે. કળા વિભાગમાં ચિત્રકળા, વ્યંગચિત્ર, મહેંદી, રંગોળી સ્પર્ધા, સાંસ્કૃતિક વિભાગમાં સ્વરચિત કાવ્યવાચન સ્પર્ધા, અંતાક્ષરી, નૃત્ય, ડ્યુએટ ડાન્સ, સમૂહ નૃત્ય, મરાઠી ગાયન, હિંદી ગાયન, એકઅંકી નાટક, વક્તૃત્વ સ્પર્ધા, મેદાની રમકમાં ફૂટબોલ, બોક્સ ક્રિકેટ, ઓવરઆર્મ ક્રિકેટ, કબડ્ડી, હોલીબોલ, થ્રોબોલ, ખોખો, મલ્લખાંબ, યોગા, શરીરસૌષ્ઠવ, ૫૦ મીટર દોડવું, ગોળાફેંક, રસ્સીખેંચ, ઈનડોર ગેમમાં કેરમ, ચેસ, ટેબલટેનિસ, બેડમિંટન, રાઈફલ શૂટિંગ, વિશિષ્ટપૂર્ણ વિભાગમાં મહિલાઓ માટે હોમ મિનિસ્ટર, જ્યેષ્ઠ નાગરિકો, સુદઃઢ બાળક, ભારત કો જાનો પ્રશ્નોત્તરી સ્પર્ધા જેવું આયોજન કરાશે. વધુ માહિતી માટે સંપર્કઃ www.parlemahotsav.com અથવા ભાજપ કાર્યાલયમાં પણ સંપર્ક કરી શકો છોઃ ચિત્તરંજન રોડ, પાર્લે પૂર્વ, મુંબઈ-૪૦૦ ૦૫૭ અથવા ૨૬૧૩ ૬૫૧૩, એમ પાર્લે મહોત્સવ આયોજન સમિતિએ જણાવ્યું છે.

---

આ અખબારી યાદી શ્રીકૃષ્ણ આંબેકર, કાર્યાલય પ્રમુખ, પાર્લે મહોત્સવે જારી કરી છે.